# શિક્ષણની આદર્શ પદ્ધતિ - એસાઇન્મેન્ટ

શિક્ષણનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરવાનું છે. આ માટે વિવિધ વિષયો દ્વારા વિવિધ બાબતો લઇને શિક્ષણકાર્ય કરવામાં આવે છે. વિષય, વિષયવસ્તુ, વિદ્યાર્થીની શક્તિ વગેરે બાબતો ધ્યાને લઇને શિક્ષક શિક્ષણની વિવિધ પ્રયુક્તિ અને પદ્ધતિનો ઉપયોગ કરે છે. આમ છતાં આજે પણ વર્ગખંડમાં મોટા ભાગે વ્યાખ્યાન અને કથન દ્વારા જ શિક્ષણ આપવામાં આવે છે. ક્રિયા દ્વારા શિક્ષણની સંકલ્પના જ ભૂલાઇ ગઇ હોય તેમ લાગે છે. આજે પણ શાળા કે કોલેજ કક્ષાએ મોટાભાગે શિક્ષક બોલે છે અને વિદ્યાર્થી સાંભળે છે. શિક્ષક એવું માને છે કે હું ભણાવું, હું જણાવું તો જ વિદ્યાર્થીને આવડે. વિદ્યાર્થી જાતે કશું જ ન શીખી શકે. આ માન્યતામાંથી જેટલા ઝડપથી બહાર આવીશું તેટલો વધુ ફાયદો વિદ્યાર્થી પક્ષે છે. સૌ માને છે, સ્વીકારે છે કે વ્યક્તિ અનુભવ દ્વારા અને જાત મહેનતથી જેટલું શીખશે તેટલું વધુ ફાયદાકારક સાબિત થશે. તેમ કરવાથી લાંબો સમય યાદ રહે છે, શિક્ષણ મેળવવાનો-કામ કરવાનો આનંદ આવે છે, વિવિધ કૌશલ્યનો આપમેળે વિકાસ થાય છે, ચિંતનાત્મકતા વિકસે છે, તર્ક આધારિત શિક્ષણ હોવાથી આત્મવિશ્વાસ વધે છે. આવું માનવામાં -સ્વીકારવામાં કોઇ શિક્ષક ના નથી પાડતાં આમ છતાં વર્ગખંડમાં અમલ કરવાની બાબતમાં શરૂઆત પણ નથી કરતા.

વર્ગમાં શિક્ષકનું કામ ખરેખર તો માર્ગદર્શક તરીકેનું હોવું જોઇએ. શિક્ષકે બધું જણાવવાનું કે કહેવાનું હોય તો વિદ્યાર્થીઓ પાસે પુસ્તકો ક્યાં નથી? તેઓ આપમેળે વાંચી લેશે. હકીકતમાં તો શિક્ષકે દિશા બતાવવાની છે, કામ તો વિદ્યાર્થીએ જ કરવાનું છે. કોઇએક પાઠ શીખવવા માટે કોઇ એક શિક્ષક જે તે પાઠનું બધું જ વિષયવસ્તુ- એક એક શબ્દ વિદ્યાર્થીઓ સામે બોલી જાય, સમજાવે છે. પોતે એમ માને છે કે મેં તો ખૂબ જ સારી રીતે પીરસ્યું છે, વિદ્યાર્થીના મગજમાં ફીટ થઇ ગયું હશે જ. તેવું ના પણ બને. શિક્ષક પીરસતો હોય ત્યારે એવાં ઘણાં કારણો છે કે જે તે બાબત વિદ્યાર્થીના મન-મગજ સુધી ન પણ પહોંચી હોય અને શિક્ષક એમ માને કે પહોંચી હશે. તો પછી શિક્ષણ કાર્ય થયું તેમ કેવી રીતે કહેવાય? તેનાં કરતાં તો જે વિષયવસ્તુ શીખવવાનું છે તેને લગતા કેટલાક પ્રશ્નો આપીને શિક્ષક વિદ્યાર્થી પાસે જ જવાબો શોધાવશે તો તે કામ વધુ સફળ થશે. અહીં એક દલીલ એવી પણ આવે કે વિદ્યાર્થીને શીખવ્યા વગર તે કેવી રીતે જવાબ લખી શકે. આપણે અહીં જ ભૂલ કરીએ છીએ. વિદ્યાર્થીની શક્તિ પર વિશ્વાસ તો કરો. તે આપમેળે જેટલું શીખશે તેટલું આપણે નહીં શીખવી શકીએ.

શિક્ષકે જે વિષયવસ્તુ શીખવવાનું છે તેને લગતી પાયાની બાબતોથી વિદ્યાર્થીને પરિચિત કરી દેવા જોઇએ. ત્યારબાદ જે તે વિષયવસ્તુને લગતા એવા પ્રશ્નો આપવા જોઇએ, એવું કામ સોંપવું જોઇએ કે જેમાં વિદ્યાર્થીએ કશુંક કરીને, શોધીને, વાંચીને, સમજીને જવાબ લખવાના થાય. આ માટે વિવિધ સ્રોતોથી વિદ્યાર્થીને પરિચિત કરવાનું કામ શિક્ષકનું છે. અહીં શિક્ષક માર્ગદર્શક બને છે, કામ વિદ્યાર્થી કરે છે. આમ કરવાથી વિદ્યાર્થીએ વિવિધ બાબતો, કાર્યમાંથી પસાર થવાનું થશે. તેને જાત અનુભવ પ્રાપ્ત થશે. ઘણી જગ્યાએથી, ઘણાં પુસ્તકોમાંથી, ઇન્ટરનેટ પરથી માહિતી મેળવવી પડશે. તેમ થવાથી વિષયવસ્તુ અંગેની ઘણી ઘણી બાબતો વિદ્યાર્થી આત્મસાત કરશે. આ રીતે પ્રાપ્ત કરેલ અનુભવો-જ્ઞાન એ જ ખરું શિક્ષણ કહી શકાય. જેને એસાઇન્મેન્ટ પદ્ધતિ કહીશું.

આજે પણ કેટલીક શાળા કોલેજોમાં એસાઇન્મેન્ટ આપવામાં આવે છે. પણ સમસ્યા એ છે કે એસાઇન્મેન્ટ આપવા બાબતે રાખવી પડતી કાળજી રાખવામાં આવતી નથી. એસાઇન્મેન્ટ પદ્ધતિના પણ કેટલાક આગવા સિદ્ધાંતો છે. જે મુજબ કાર્ય કરવામાં આવે તો જ સફળ થવાય. માત્ર પ્રશ્નો આપી દેવાથી સફળતા ન મળે. મોટાભાગે એવું જોવા મળે છે કે, શિક્ષક પ્રશ્નો આપી દે છે અને વિદ્યાર્થીઓ ગાઇડ કે અન્ય માહિતી પુસ્તિકામાંથી સીધા જવાબ લખી દે છે. આમ થવાથી વિદ્યાર્થી પક્ષે વિચારવાનું કશું જ રહેતું નથી. ખરેખર તો શિક્ષકે ચિંતનાત્મક પ્રશ્નો કાઢવા જોઇએ. જેમાં વિદ્યાર્થી પક્ષે ચિંતન મનન કરવાનું આવે, જવાબ સીધી રીતે ક્યાંયથી મળે નહીં. જવાબ મેળવવા માટે વિદ્યાર્થીએ ચિંતન કરવું પડે, મનન કરવું પડે, વિવિધ પુસ્તકો ઉથલાવવા પડે, મિત્રો કે શિક્ષક સાથે ચર્ચા કરવી પડે, ઇન્ટરનેટનો ઉપયોગ કરવો પડે.. ત્યારેબાદ તેને જવાબ મળે. જો આમ થશે તો જ તેને વિવિધ પ્રકારનું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત થશે. તે જ સાચું શિક્ષણ છે. વિવિધ સ્રોતોમાંથી માહિતી એકઠી કરવાની હોવાથી વિદ્યાર્થીએ ફરજિયાત પણે વાંચન કરવું જ પડે, નાના પાયા પર સંશોધન કરવું જ પડે. ત્યારબાદ એકત્ર કરેલ માહિતીને વિવિધ રીતે ગોઠવવી પડે. આમ વિદ્યાર્થી જે તે પ્રશ્નના જવાબથી સંપૂર્ણ પરિચિત થશે. માત્ર પરિચિત જ નહીં થાય, તે જવાબને આત્મસાત્ પણ કરશે. જેને તે ક્યારેય ભૂલશે નહીં.

આમ શિક્ષકના પક્ષે યોગ્ય પ્રશ્ન તૈયાર કરવા અને તેનો જવાબ મેળવવા માટેના વિવિધ સ્રોતો જણાવવા તેટલું જ હોવું જોઇએ. વર્ગમાં ઘણાં વિદ્યિાર્થીઓ હોવાથી વિદ્યાર્થીઓ જવાબ લખવા માટે અન્ય વિદ્યાર્થીના જવાબની નકલ ન કરે તે શિક્ષકે જોવું રહ્યું. નહીં તો આ પદ્ધતિ કારગત નહીં નીવડે. આ માટે બીજો ઉપાય એ પણ છે કે, જુદા જુદા વિદ્યાર્થીને જુદા જુદા પ્રશ્નો આપવા. આમ કરવાથી દરેક વિદ્યાર્થીએ આપમેળે જવાબ શોધવા પડશે અને લખવા પડશે. આ એસાઇન્મેન્ટ પદ્ધતિમાં વિદ્યાર્થીએ સતત સક્રિય રહેવું પડે છે, જાત મહેનત કરવી પડે છે, ચિંતન કરવું પડે છે. માટે જ આ પદ્ધતિ એક આદર્શ પદ્ધતિ બની ચૂકી છે. આમ છતાં આપણા દેશમાં શાળા અને કોલેજ કક્ષાએ તેનો પૂરતા અને યોગ્ય પ્રમાણમાં ઉપયોગ થતો નથી. વિદ્યાર્થી આ પદ્ધતિ દ્વારા શિક્ષણ મેળવે તે માટે સૌ શિક્ષણ સંસ્થઓ, યુનિવર્સિટી, સરકાર વગેરે સાર્થક પ્રયતન કરે તેવી અપેક્ષા સહ.....